વડતાલ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની
શ્રી લક્ષ્મીનારાયણ દેવની સંસ્થાનનું સમસ્ત સત્સંગ સમાજનું માસિક

# શ્રી વડતાલધામ સત્સંગ

વર્ષ : ૪, અંક : ૯-૧૦, નવેમ્બર-ડીસેમ્બર - ૨૦૧૩








॥ શ્રી હરિ ॥

પ.ભ. સનેહી,
પુરાણી સ્વામી શ્રી વિષ્ણુપ્રકાશ દાસજી તથા સર્વે સંત મંડળ


આપના ભક્તો અ.નિ. સદ્ગુ. શ્રી કૃષ્ણજીવનદાસજી (અથાણાવાળા સ્વામી) ની સ્મૃતિ માં હાલ જ્યારે વડતાલ ધામ ના બાકીના શીખરો કે જેમાં શ્રીહરિ સ્થાપીત અવતારો બીરાજમાન છે તથા ઘુમટો ને પણ સુવર્ણ થી મંઢીત કરવાનું નીર્ધારેલ છે ત્યારે આ સુવર્ણ તક ને ઝડપી મહારાજ તથા મુક્તો આદિક ના રાજીપા ને અર્થે તન-મન-ધન થી સેવા કરી અથાણા વાળા સ્વામી ના સર્વે સંત મંડળ ને સહકાર આપી વડતાલ ધામનું ગૌરવ વધારશો તેવી ભલામણ કરીયે છીયે.

સર્વાવતારી શ્રીહરિ આપ સૌનું મંગળ વિસ્તારતા રહે તેવી તેમનાં ચરણો માં પ્રાર્થના સહ આપ સૌને અમારા ભાવ થી જય સ્વામિનારાયણ.

રાકેશપ્રસાદ

## અમુલ્ય સુવર્ણ અવસર

જય સ્વામિનારાયણ. વ્હાલા ભક્તો ગત કારતક સુદ બારસે વડતાલમા અમારા ગુરૂ પુજ્ય અથાણાવાળા સ્વામીની સ્મૃતિમાં પ્રણય સુખદ સુવર્ણ શિખરોનુ ભવ્ય ઉદ્ઘાટન પુજ્ય આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજના હાથે સંપન્ન થયું એ સર્વે સંતો હરિભક્તોના સાથ સહકારથીજ હવે બાકીના છ શિખરો અને ચાર ઘુમટાનુ કામ ચાલુ છે. જે સ્વયં પુરૂષોત્તમનારાયણે પોતે પાલખ ઉપર ઉભા રહિ માથે સોનેરી મોળીયુ બાંધેલુ તેના ઉપર ચુના રેતીના તગારા ઉપાડી શિખરો બનાવ્યા એ નવ શિખરો ચાર ઘુમટો સુવર્ણના સરસ ગગનચુંબી બને તેમા આપ સેવા કરી જીવન ધન્ય ધન્ય કરશો એજ લી.



પુરાણી વિષ્ણુપ્રકાશદાસજી તથા સર્વે સંત મંડળના
સસ્નેહ જય શ્રી સ્વામિનારાયણ વાંચશોજી





Wedb Site :
www.vadtalmandir.org

E-mail address :
vsm191@yahoo.co.in

## Subscription

(india)

1 year ₹. 50

Lifetime ₹. 500,

For Other Countries

(airmail) ₹. 6750 (lifetime )

Year - 4
Volume - 9-10
November-December - 2013



# Shree Vadtaldham Satsang

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1 | આચાર્ય મહારાજશ્રીના આશિર્વચન | 4 |
| 2 | પોથીજીની દિવ્ય-ભવ્ય શોભાયાત્રા | 5 |
| 3 | મહોત્સવ ઉદ્‌ઘાટન અને દીપ પ્રાગટ્ય | 6 |
| 4 | મહોત્સવના વક્તાશ્રી | 8 |
| 5 | ચેરમેનશ્રી તથા કોઠારીશ્રીનું મંગળ પ્રવચન | 9 |
| 6 | શ્રી ઘનશ્યામ જન્મોત્સવ | 10 |
| 7 | અર્પણવિધી | 11 |
| 8 | દિવ્ય મહાભિષેક દર્શન તથા ભવ્ય જળયાત્રા | 12 |
| 9 | ભવ્ય અન્નકૂટ દર્શન | 13 |
| 10 | લોકાર્પણ વિધિ તથા ઉદ્‌ઘાટન તથા ખાતમુહૂર્ત | 14 |
| 11 | અખંડધૂન તથા મંત્રલેખન તથા ભજનસંધ્યા | 15 |
| 12 | મહાપૂજા | 16 |
| 13 | સુવર્ણ શિખર ઉદ્‌ઘાટનનુ દિવ્ય દર્શન | 18 |
| 14 | સંતોના હૃદ્‌યોદ્‌ગાર.... | 24 |
| 15 | વિમોચનો | 26 |
| 16 | ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ | 27 |
| 17 | પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન તથા સંતોનું સન્માન | 28 |
| 18 | યશસ્વી યજમાનશ્રીઓનું સન્માન | 30 |
| 19 | અખબારોની આંખે | 31 |
| 20 | સત્સંગ સમાચાર | 32 |


**OWNER:** Vadtal Temple Managing Trustee Board, Vadtal, **PUBLISHER / PRINTER & EDITOR:** Chief Executive Kotharishree Shashtri Swami Nilkanthcharandasji Guru Swami Harijivandasji, **PUBLISHED & PRINTING :** Shree LaxmiNarayandev Offset Press, **AT & POST:** Vadtal, Tal. Nadiad, Dist. Kheda, Gujarat Pin: 387375, **Phone :** (0268) 2589728,776

# આચાર્ય મહારાજશ્રીના આશિર્વચન



વડતાલ આપણું ગૌરવ છે અને એમાંય વડતાલના શિખરો સુવર્ણથી મંડિત થયા ત્યારે અમોને પુરી શ્રદ્ધા અને ખાતરી છે કે સારાય વિશ્વમાં વડતાલની કિર્તી અને પ્રસિદ્ધિ ચોમેર ફેલાશે. ૧૧ વર્ષના અનુભવથી હું એટલું ચોક્કસ કહીશ કે હરિકૃષ્ણમહારાજનું બળ હોય અને શ્રી લક્ષ્મીનારાયણ દેવની કૃપા હોય તો આપણે ધારીએ તે કરી શકીએ એની અમને ખાતરી છે. પૂ. અથાણાવાળા સ્વામીની સ્મૃતિમાં સુવર્ણ શિખરની વાત થઈ ત્યારે પૂ. વિષ્ણુસ્વામી ઘણુ બધુ વિચારતા હતા ત્યારે મે કહેલું "સ્વામી હરિકૃષ્ણમહારાજનું બળ રાખો અને જરૂર પડશે તો અમે તમારી સાથે ઝોળી લઈને નીકળીશું" અને મહારાજની કૃપાથી વિના વિઘ્ને આ સુવર્ણ શિખરોની સેવા પૂર્ણ થઈ અને અમોને ખાતરી છે કે હરિકૃષ્ણમહારાજનું અને સ્વામીના ભજનનું બળ રાખી પૂ. સ્વામીનું સંતમંડળ કામ કરશે તો ત્રણ નહિ પણ નવે નવ શિખરો સુવર્ણથી મંડિત થશે અને બીજો એક મોટો ઉત્સવ આપણે કરીશું.

આ મહારાજની કૃપા અને પૂ. અથાણાવાળા સ્વામીના ભજનનો પુન્ય પ્રતાપ છે. ઉત્સવ અંતર્ગત કથાશ્રવણનો પણ ખૂબ મોટો લાભ મળ્યો. શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી અન્ય વ્યાખ્યાનમાળાના સંતો. એમની જે મૃદુભાષા, સત્સંગનું જે જ્ઞાન એમના ગુરુ દ્વારા મળેલા જે આશીર્વાદ એના કારણે એમની કથામાં આજે આટલી દિવ્યતા જોવા મળે છે. આવા વિદ્વાન સંતો સત્સંગની ધરોહર છે. અમારા સંપ્રદાયમાં એક ગૌરવવંતો વારસો છે. કેવળ પરમાત્માને પ્રસન્ન કરવા સંતો આ કથા કરતા હોય છે ત્યારે હરિકૃષ્ણ મહારાજ એમને ખૂબ મોટું બળ પૂરું પાડે.

પોતાનું આખુ જીવન દેવોના પાવન સાનિધ્યમાં સત્સંગ ઉત્કર્ષ માટે ભગવાનને રાજી કરવા વ્યતિત કર્યું છે. એવા આપણા લાડીલા પૂ. અથાણાવાળા સ્વામીની સ્મૃતિમાં આ ઉત્સવ થઈ રહ્યો છે. સુવર્ણ શિખરનું જ્યારે ઉદ્‌ઘાટન કર્યું ત્યારે આપણા સૌનો એવો ભાવ કે મહારાજ અક્ષરધામથી પોતાના મુક્તો સાથે આપણા પર આશીર્વાદની વૃષ્ટિ કરતા હોય એવો પ્રસંગ હતો. સુવર્ણ શિખરની ઉદ્‌ઘાટનની દિવ્ય ક્ષણ આપણા જીવનની મહત્વની ક્ષણોમાંની એક છે. ત્યારે આ શિખરનાં નિર્માણમાં ઘણાબધા ભક્તોએ તન-મન-ધનથી સેવા કરી છે. અમને પણ શાસ્ત્રી હરિપ્રકાશદાસજી અન્ય સંતો સાથે શિખરોને સોનાના પાના ચડાવવાની તક મળી તેથી અમો પણ અમારી જાતને ખૂબ ધન્ય માનીએ છીએ.

પૂ. સ્વામીનું સંતમંડળ, પૂ. વિષ્ણુસ્વામી, સંતસ્વામી આદિક સંતો ખૂબ જ સમજણવાળા સંતો છે. પોતે નિર્માની થઈને કામ કરે છે એ સંસ્કારો આપણને જોવા મળ્યા છે. વડતાલ તો સૌનુ છે. વડતાલની સેવા કરવાનો અવિરત પ્રવાહ સ્વામીના સંતમંડળ દ્વારા થઈ રહ્યો છે તે અખંડ વહેતો રહે એવી મહારાજના ચરણોમાં પ્રાર્થના.



# પ.પૂ. લાલજી શ્રી સૌરભપ્રસાદજી મહારાજ

એવું કહેવાય છે કે જળાશયોમાં સમુદ્ર, ઈન્દ્રિયોમાં મન, પર્વતોમાં મેરૂ, તારાઓમાં સૂર્ય અને પદાર્થોમાં ચિંતામણી અતિ ઉત્તમ છે તે રીતે તીર્થધામમાં વડતાલ સર્વોચ્ચ છે. મહારાજની કૃપાથી આ વડતાલધામમાં દર વર્ષે નિત નવા કાર્તિકી સમૈયાનો લાભ મળે છે. વિશેષ આ વર્ષ ખૂબ જ ભજનીક સંત, સંપ્રદાયનું ગૌરવ કહી શકાય એવા પ.પૂ. અથાણાવાળા સ્વામીની સ્મૃતિમાં સુવર્ણ શિખર મહોત્સવનું આયોજન થયુ અને જે રીતે શિખરો સોનાથી ચમકી રહ્યા છે તે જ રીતે તેમા દાન આપનાર ભક્તોના જીવન સત્સંગની સુવાસથી ચમકી ઉઠે તેવી મહારાજને પ્રાર્થના.

## સુવર્ણ શિખર ઉદ્ઘાટન મહોત્સવ પ્રસંગે વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવના ચરણકમળથી નીકળેલી ઠાકોરજી અને પોથીજીની દિવ્ય-ભવ્ય શોભાયાત્રાની વિવિધ તસવીરો.





















પ.પૂ. શ્રી અથાણાવાળા સ્વામીની સ્મૃતિમાં

# સુવર્ણ શિખર ઉદ્‌ઘાટન મહોત્સવ





પૂ. અથાણાવાળા સ્વામીની સ્મૃતિમાં સુવર્ણ શિખર ઉદ્ઘાટન મહોત્સવનું મહાનુભાવ સંતોના વરદ્ હસ્તે

# મહોત્સવ ઉદ્ઘાટન

અને

# "દીપ પ્રાગટ્ય"





## પ.પૂ. શાસ્ત્રી શ્રી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)

પૂ. અમારા ગુરૂ અથાણાવાળા સ્વામીની સ્મૃતિમાં આપણા વ્હાલા મહારાજશ્રીના સંકલ્પથી પહેલાં અમો એક જ શિખર કરવાના હતા પણ અમારા ગુરૂને માત્ર મૂર્તિ અને મંદિરની સેવા બહુ ગમતી એટલે અક્ષરધામમાં બેઠા બેઠા એમણે અમારી પાસે આ ત્રણેય શિખરોની સેવા કરાવી છે અને હવે પૂ. મહારાજશ્રીની આજ્ઞા પ્રમાણે પૂ. અમારા ગુરૂની સ્મૃતિમાં ભગવાનને અતિ વ્હાલુ આ વડતાલનુ મંદિર સંપૂર્ણ સુવર્ણથી મંડિત થશે. વ્હાલા ભક્તો તમારી વિશુદ્ધ સંપત્તિ આજે અહિંયા શિખરો ઉપર ચમકી રહી છે. તમો એમ નહિ માનતા કે અહિંયા આપણે સોનુ લગાડ્યુ છે બાપ ! આ તો અક્ષરધામમાં લગાડેલુ સોનુ છે. આ ભગીરથ કાર્ય સર્વે સંતો હરિભક્તો અને વડતાલ ટેમ્પલ બોર્ડ અને કોઠારીશ્રી દેવસ્વામીના સંપૂર્ણ સાથ સહકારથી થયું છે અને હજી બહુ મોટુ કામ બાકી છે તો સર્વે સંતો ભક્તો અમોને આ કાર્યમાં ફરી પાછો સહકાર આપશો એવી નમ્ર વિનંતી છે.




## પ.પૂ. પુરાણી શ્રી વિષ્ણુપ્રકાશદાસજી સ્વામી (અથાણાવાળા)

**વાલમને ગમતુ ઘણુ વડતાલ ધામ વિશેષ.**

ભગવાનને વ્હાલામાં વ્હાલુ એટલે વડતાલધામ જળછાયા જોઈને ભગવાન કહેતા આતો વૃંદાવન જેવું છે. એવીજ રીતે અમારા ગુરૂને વડતાલ મંદિર અતિ વ્હાલુ હતુ. હું ગુરૂ સાથે ૪૦ વર્ષ રહ્યો. એમણે આજીવન મંદિરમાં બેસી માત્ર ભજન અને દેવની સેવા કરી છે. મહારાજશ્રીની આજ્ઞાથી સુવર્ણ શિખરો કરવાનો સંકલ્પ કર્યો ને સોનુ મોંઘુ થયુ. બધા કહેતા તમારે વિદેશ જવુ પડશે પણ મને ગુરૂના ભજન અને ભગવાન ઉપર ભરોસો હતો અને ભગવાને આજે આ કાર્ય પૂર્ણ કરાવ્યું છે અને હજી પણ બાકીના શિખરો અને મંદિર ગુરૂની સ્મૃતિમાં પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી અને સંતો ભક્તો તથા વડતાલ બોર્ડને પૂ. કોઠારી સ્વામીના સહકારથી પૂર્ણ થશે એવો મને પૂર્ણ વિશ્વાસ છે. મારા ગુરૂજીનુ ભજન અને જીવન જેવુ હતુ એવુ જ કાર્ય ભગવાને અમારી પાસે કરાવ્યુ છે.









## પ.પૂ.સ.ગુ. શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી - કંડારી

**''વડતાલ મોટું ધામ, અહિં આવે આખુ જામ''**

આ પૃથ્વી પરનું જો કોઈ અક્ષરધામ હોય અને શ્રીજીમહારાજને અતિ પ્યારૂં કોઈ ધામ હોય તો તે આ વડતાલધામ છે. આ વડતાલધામમાં અનેક મહાપુરુષો ભજન કરીને મહારાજને રાજી કરી ગયા છે. દિક્ષાના ચાલીસ વર્ષ પછી મેં જોયેલા ભજનાનંદી સંતોમાં જો પ્રથમ સ્થાન કોઈને આપવામાં આવે તો તે છે પૂજ્ય અથાણાવાળાસ્વામી.

સ્વામીનુ તેજ બ્રહ્મચર્ય મહારાજની આજ્ઞા પાળવાનું અને પળાવવાનું તાન. આવા ગુરૂનું દર્શન અને સેવા થઈ એ જ આપણા જીવનની સફળતા છે. પૂ. અથાણાવાળા સ્વામી જો મહારાજના વખતમાં હયાત હોત તો કાંડુ ઝાલીને એમને મહારાજ પ્રથમ હરોળના સદ્‌ગુરુઓની પંગતમાં બેસાડે એવા હતા પૂજ્ય અથાણાવાળાસ્વામી.

વડતાલની આજુબાજુનાં અનેક ગામડાઓમાં સ્વામીએ વિચરણ કરી જોબન જેવા અનેક જોબનપગીઓને ભગવાનનું ભજન કરતા કર્યા છે તે આપે પ્રત્યક્ષ જોયું છે. સ્વામીના સિદ્ધાંતો, રુચિ પ્રમાણે સ્વામીના સંતો અને ભક્તો દ્વારા આ કાર્ય થયુ છે ત્યારે દેવોનો દિગંતમાં ડંકો વાગે એવા કાર્યો સ્વામીએ પોતાની હયાતીમાં કર્યા અને એવા જ સંતની સ્મૃતિમાં આવા સુવર્ણ શિખરો થયા. ૧૫૦ વર્ષનાં દેવોનો પાટોત્સવ પછી ભવ્ય ઉત્સવ જો અમોએ જોયો હોય તો તે છે **''સુવર્ણ શિખર ઉદ્‌ઘાટન મહોત્સવ''**.


## પ.પૂ.સ.ગુ. મુખ્ય કોઠારીશ્રી નિલકંઠચરણદાસજીસ્વામી - વડતાલ

વ્હાલા ભક્તો ! પૂ. અથાણાવાળા સ્વામીની સ્મૃતિમાં સુવર્ણ શિખર ઉદ્‌ઘાટન મહોત્સવ દિવ્ય અને ભવ્ય ચાલી રહ્યો છે.

પૂ. વિષ્ણુસ્વામીએ ગુરૂનો ભજનનો સાચો વારસો સંભાળ્યો છે અને એમના શિષ્ય શા. હરિપ્રકાશસ્વામી પણ ભજનાનંદી છે. શ્રીહરિકૃષ્ણમહારાજ પાસે બેસીને ભજન કરે છે. બહુ ડાહ્યા સાધુ છે. હે ! વિષ્ણુસ્વામી શિખર બોલે ? પણ બોલ્યુ હો... પણ કેવુ સરસ બોલ્યુ. પૂ. અથાણાવાળા સ્વામીની સ્મૃતિમાં કેવુ ભગીરથ કાર્ય થયુ તે સ્વામીનુ અતિ સંયમી જીવન એક સાચા વિરલ સંત હતા.

''એવા સંતની બલીહારી રે, જેના ગુણે રિજ્યા ગીરધારી રે'' ''નથી મફતમાં મળતા જેના મુલ ચુકવવા પડતા સંતને સંતપણા રે'' નથી મફતમાં મળતા.

જેના ગુણથી ભગવાન રાજી થાય તેવા સાચા સંત એટલે પૂ. અથાણાવાળા સ્વામી. આવા સંતની સ્મૃતિમાં જ આવા કાર્યો આવા ઉત્સવો થાય. આ ઉત્સવની ભવ્યતા પૂ. સ્વામીના ભજનના પ્રતાપની છે. તેમના સાનિધ્યમાં તો આપણે પણ ધન્ય થયા. ધન્ય છે સ્વામીના શિષ્ય મંડળને જેમણે આવુ અદ્‌ભુત કાર્ય કર્યું.









## "ધર્મઘેર આનંદભયો જય બોલો ઘનશ્યામ કી...'

### મહોત્સવ પ્રસંગે શ્રીહરિ પ્રાગટ્યોત્સવમાં ભક્તિભીના બની નાચતા-ઝૂમતા સંતો-હરિભક્તો.

**પ.પૂ. શા. કેશવપ્રિયદાસજીસ્વામી - નાહિયર**

વડતાલના ઘરેણા સમાન તપોમૂર્તિ અખંડ ભજનમાં મસ્ત રહેનારા પૂ. અથાણાવાળા સ્વામીની સ્મૃતિમાં આપણા ઈષ્ટદેવનું મંદિર સુવર્ણનું બન્યું અને એમાં સેવા, દર્શનનો લાભ આપણને મળ્યો તો આપણે પણ ધન્ય બની ગયા. મોટા સંતની આજ વિશેષતા છે તે તો મહાન હોય પણ તેના સનિધ્યમાં આવે તેને પણ ધન્ય બનાલી દે.

















# અર્પણવિધી

મહોત્સવ પ્રસંગે સ્વપુણ્ય
કમાણીને
ભગવાન શ્રીહરિની સેવામાં
હીરાજડિત મુકુટ, વસ્ત્રાભૂષણ,
રજત કળશ સમર્પિત કરતા યજમાનો











# ૧૮૯ માં પાટોત્સવ પ્રસંગે દેવોના દિવ્ય મહાભિષેક દર્શન તથા ભવ્ય જળયાત્રા












સુવર્ણ શિખરોથી ઝગમગતા
વડતાલધામ મંદિરમાં દેવોના

# ભવ્ય
# અન્નકૂટ દર્શન

વડતાલધામમાં
## શ્રીહરિકૃષ્ણ યાત્રિક ભુવનનું
પ.પૂ. મહારાજશ્રી તથા સંતોના વરદ્ હસ્તે લોકાર્પણ વિધિ.





## વડતાલધામમાં સંતોના ભોજનાલય તથા સંતનિવાસનું ઉદ્ઘાટન.






## શ્રીહરિની મહાપ્રસાદિભૂત જ્ઞાનકૂપ ઉપર છત્રીનું ખાતમુહૂર્ત





















જેમને ભગવાનનું ભજન અતિપ્રિય હતું
તેવા ભજનાનંદી પૂ. ગુરૂવર્યશ્રી
અથાણાવાળા સ્વામીની
સ્મૃતિમાં યોજાયેલ ઉદ્‌ઘાટન મહોત્સવ પ્રસંગે

# અખંડધૂન
# મંત્રલેખન
# ભજનસંધ્યા







વડતાલ ધામના મહાપ્રસાદીભુત જ્ઞાનકૂપ પરિસરમાં પૂ. મહારાજશ્રીના સાનિધ્યમાં સૌ પ્રથમવાર આયોજીત મહાપૂજા કરાવી રહેલા
શા. શ્રી માધવપ્રિયદાસજી સ્વામી અને પંડિત શ્રી રામપ્રિયજી તથા મહાપૂજાનો અમૂલખ લાભ લઈ રહેલા સુવર્ણ શિખરોના મહત્‌ભાગી યજમાનો.
















અસંખ્ય હૈયાં અને હાથના સહિયારા પરિશ્રમનું સર્જન   એટલે સુવર્ણ શિખર અને ઉદ્‌ઘાટનનુ દિવ્ય ભવ્ય દર્શન











## પ.પૂ.સ.ગુ. પુરાણી શ્રી જ્ઞાનજીવનદાસજીસ્વામી - કુંડળ

વ્હાલા ભક્તો ! ભગવાનના પ્રતાપથી અને પૂ. સ્વામીના ભજનના પ્રતાપથી ઉત્સવ તો અદ્‌ભુત ચાલી રહ્યો છે. જેવુ સ્વામીનું ભજન મીઠું તેવોજ મીઠો ઉત્સવ ચાલી રહ્યો છે. જેના ભજનના પ્રતાપે શિખરો થયા. આજે શિખરોને વંદન કરૂં છું.

વ્હાલા સંતો ! સંતનું જીવન સંતને કામમાં લાગે છે, મારે તો સ્વામીના ગુણ ગાવાના છે. આ ધામમાં જેઓએ પોતાનું આયખુ ઓગાળી નાખ્યુ.

"વંદુ પ્રગટ હરિકૃષ્ણને, વંદુ વડતાલ ધામ,
વંદુ સુવર્ણ શિખરોને, ઉદ્‌ઘાટન ઉત્સવ નામ."
"આ જીવન વડતાલ રહી દેવોને વફાદાર, અખંડ સેવા સત્સંગની ધુણી દાખવનાર
ભજનાનંદી મહાત્મા સ્વામી કૃષ્ણજીવન, અથાણાવાળા નામથી કર્યા સહુને પાવન
સુવર્ણથી મંડિત કર્યા વડતાલધામ શિખર,
સ્વામીની સ્મૃતિમાં શોભ્યો મહોત્સવ રૂડો પ્રખર
ધન્ય ધન્ય ત્યાગ વૈરાગ્યને ધન્ય ધન્ય રૂડો ખપ
ધન્ય ધન્ય સ્વામીના તપને ધન્ય ધન્ય અખંડ જપ."


અમારી પાસે આજે બધુ છે પણ જરૂર છે માત્ર પૂ. અથાણાવાળા સ્વામીના જેવા ગુણોની, એમની ખુમારી, નિષ્ઠા, ભક્તિ, નિઃસ્પૃહિતા, દેહનો અનાદાર એ સ્વામી જેવા ગુણો કેળવો. જરૂર માત્ર ગુણોની છે. હે મહારાજ ! હે સ્વામી ! એવા ગુણો મળે.

અને સ્વામીના ગુણો નક્કર હતા. આ કાળના મહાપુરૂષ એટલે પૂ. અથાણાવાળા સ્વામી આપણે અનુભવ્યા છે. જોવો નંદ સંતોએ આપણે જોયા નથી પણ પૂ. સ્વામી નંદસંત જેવા જ હતા. તેમને જોઈને નંદસંતનું અનુમાન થાય. તેમને કોઈ સત્તા કે માન ક્યારેય ડગાવી ન શક્યા.

પૂ. સ્વામી આજીવન પુજારી રહ્યા. પૂ. સ્વામીને ભગવાન વિના ન ફાવે અને ભગવાનને સ્વામી વિના ન ચાલે આવું લાગે. આજીવન સેવા કરી લગભગ કોઈ આજીવન પુજારી રહ્યા હોય તેવું લાગતું નથી.

"આજીવન પૂજારી રહ્યા બન્યા હરિનો હારજી"

પૂ. સ્વામી રોજ આવી શિક્ષાપત્રીનો પાઠ કરતા. અતિ કઠણ કામ છે. પૂ. સ્વામીને માન, સન્માન, સ્ત્રી, ધન, સત્તા કોઈપણ ડગાવી ન શક્યું. અનંતગુણો છે કેટલાક ગાવા વંદન વંદન.



## પ.પૂ.સ.ગુ. શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજીસ્વામી - છારોડી

વ્હાલા ભક્તો ! એક મહાન સત્પુરૂષના કારણે કેટલુ બધુ ભજન અને સત્કાર્ય અને સુખ-શાંતિ વર્તી રહી છે. પૂ. અથાણાવાળા સ્વામીનો અનુભવ અહિં કોને નથી. માત્ર ભજનના આગ્રહી કાશાય વસ્ત્ર ધારણ કરેલા. જાણે તપ અને ભક્તિના સુમેળે જન્મ ધારણ કર્યો હોય એવા તેજસ્વી પ્રેમાળ એ સંતની મૂર્તિ હતી.

આ વડતાલની ધરતીનું જુદુ જ આકર્ષણ છે.

અહિં આપણા સર્વેના ઈષ્ટ બિરાજે છે. અહિં મોક્ષની પ્રાપ્તિ થાય છે અને આપણે ભાગ્યવાન છીએ કે આમાય મહારાજશ્રી ખૂબજ પ્રેમાળ માં બાપની ગરજ સારે એવા મળ્યા છે.

હાલમાં કેટલી ખુશીની વાત છે. કોઠારી કેટલા સારા કાર્યો કરી રહેલા છે. માત્ર સુવર્ણ શિખરોજ નહિ પણ હરિભક્તોની સગવડતાને ધ્યાનમાં રાખી આજેજ આવડા મોટા હરિકૃષ્ણ યાત્રિક ભુવનનું લોકાર્પણ વિધિ રાખેલ છે.

દરેક સમૈયા અદ્‌ભુત નવીની કરણવાળા થાય છે પણ આ વખતનો સમૈયો જે ભવ્ય અને અતિ દિવ્ય અને માત્ર આનંદદાયક જો હોય તો તેના મુળમાં પૂ. અથાણાવાળા સ્વામીના ભજનનો પ્રતાપ છે.

એમની ભક્તિ અને સમર્પણ ભાવ આજે શિખરોમાં ચમકી રહી છે. અક્ષરધામનું વિમાન જેવું જ મંદિર શોભશે. આજે પણ મંદિરમાં દર્શન જઈએ છીએ ત્યારે સ્વામીની ગેરહાજરીમાં દેવોના ઉમરા રડતા હોય તેવુ લાગે છે. હરિકૃષ્ણમહારાજનો એક યુનિક છે પણ પૂ. સ્વામી પણ અદ્‌ભુત દિવ્ય છે. પૂ. સ્વામીનો અનુભવ એ ગયા પછી પણ આજે આપણને એમની યાદીના કાર્યોમાં થઈ રહ્યો છે.

ધન્ય છે. પૂ. વિષ્ણુસ્વામી અને મંડળના સંતોને સુંદર કાર્ય ગુરૂની સ્મૃતિમાં કર્યુ છે.







# સુવર્ણ શિખર ઉદ્‌ઘાટન મહોત્સવમાં સેવાકીય પ્રવૃતિની વિવિધ ઝલક






















# સંતોના હૃદયોદ્ગાર....



સભા સંચાલકશ્રી

**પ.પૂ.સ.ગુ. શાસ્ત્રી શ્રી નૌતમપ્રકાશસ્વામી - વડતાલ**

વડતાલનું મંદિર એટલે સોનાનું મંદિર. વડતાલનું મંદિર એટલે શ્રી સ્વામિનારાયણ ભગવાનને વ્હાલુ મંદિર. વ્હાલા ભક્તો ! પૂ. અથાણાવાળા સ્વામી એટલે વડતાલ અને વડતાલ એટલે પૂ. અથાણાવાળા સ્વામી. પૂ. સ્વામીને પણ વડતાલ અતિવ્હાલુ એટલે જ તેઓ આજીવન વડતાલ મંદિરમાં બેસી ભજન કર્યું, કરાવ્યું. તેઓ કાયમ ચરણોમાં બેઠા તો તેમને શ્રીહરિએ એટલુ સન્માન આપ્યુ કે તેમને શિખરો ઉપર રાખ્યા. આજે પૂ. અથાણાવાળા સ્વામીનુ ભજન આ વડતાલને નવો ગૌરવવંતો ઈતિહાસ આપી રહ્યુ છે. દેવતાઓ આજે વિમાન લઈને પુષ્પવૃષ્ટિ કરવા આવ્યા છે. આવા દર્શન જેણે કર્યા તેનું જીવન ધન્ય થઈ ગયું. કોટિ કોટિ ધન્યવાદ એમના શિષ્ય મંડળ પૂ. વિષ્ણુસ્વામી, પૂ. સંતસ્વામીને ને સર્વે સંતોને આપવા ઘટે. પૂ. મહારાજશ્રી અને સર્વે પૂ. સંતો અને સર્વે ભક્તો આજે પ્રાર્થના કરો કે આ પૂ. અથાણાવાળા સ્વામીના મંડળ દ્વારા આવી દેવની અનેકવિધ સેવા થાય અને વહેલા ફરી પાછા સંપૂર્ણ સુવર્ણ મંદિરનો મહોત્સવ કરીએ.



સભા સંચાલકશ્રી

**પ.પૂ.સ.ગુ. શાસ્ત્રી શ્રી સુર્યપ્રકાશદાસજીસ્વામી - વડતાલ**

વ્હાલા ભક્તો ! પૂ. અથાણાવાળા સ્વામીએ આજીવન ભગવાનના સાનિધ્યમાં રહી બહુ ભજન કર્યું. અમોએ તો એમનું જીવન નજરે જોયું છે. જે આવે તેને સાકર આપે, હાર પહેરાવે અને મંદિરમાં હોય તો ધુનમાં બેસારે. ભજનના અતિ આગ્રહી બાળક જેવા નિખાલસ. ધન્ય હો આવા સંતને.

એમા શિષ્ય શ્રી પુરાણી વિષ્ણુસ્વામી પણ એવાજ તપસ્વી ભજનીક છે. સંતસ્વામીએ સેવાનો અદ્ભુત વારસો સંભાળ્યો છે. આખુ મંડળ ગુરૂની સ્મૃતિમાં કેવુ અદ્ભુત કાર્ય કરી રહ્યું છે. ત્રણ શિખર જ નહિ પણ આખુ મંદિર સુવર્ણથી મંડિત થશે. આવું કાર્ય ભજનના પ્રતાપ વિના શક્ય નથી.



**પ.પૂ. શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસજી સ્વામી**
**ગાંધીનગર**

વડતાલ સંસ્થાની દૃષ્ટિએ પવિત્ર મંદિરની દૃષ્ટિએ અદ્ભુત સંતવિભૂતિની દૃષ્ટિએ સર્વોચ્ચ ગણી શકાય એવા પૂ. અથાણાવાળા સ્વામી હતા. એનુ જીવન સોળવલ્લા સોના જેવુ એટલે જ એમના શિષ્યોએ શ્રીહરિને રાજી કરવા સોનાનુ મંદિર કરાવ્યુ. ભગવાનના ચરણોમાં પ્રાર્થના કરીએ આ મંડળ દ્વારા આવાજ દેવના કાર્યો થતા રહે.



**પ.પૂ. શ્રી ચૈતન્યસ્વામી**
**સાયન-મુંબઈ**

આ દિવ્ય સુવર્ણ શિખર ઉદ્ઘાટનમાં આવી આનંદ આનંદ થઈ ગયો. પૂ. અથાણાવાળા સ્વામીની સ્મૃતિમાં એમના શિષ્ય મંડળ દ્વારા અદ્ભુત અને ભવ્ય કાર્ય થયુ છે. શા. હરિપ્રકાશસ્વામી સાથે બહુજ હેત છે તેમને વ્યાસપીઠ ઉપર જોવુ છુ ત્યારે શુકદેવજીની પ્રતિકૃતિ દેખાય છે. અહિં પૂ. મહારાજશ્રી અને સંતોના સાનિધ્યમાં પ્રેમાનંદસ્વામીનું કીર્તન ગાવાનો લાભ મળ્યો. ધન્ય થઈ ગયો.



**પ.પૂ. પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી**
**મેમનગર**

પોતાનામાં જોડે એ અસંત અને ભગવાનમાં જોડે એ સંત એવા સાધુગુણ સંપન્ન હતા પૂ. અથાણાવાળા સ્વામી. જેમની પાસે જવાથી ઘાટ સંકલ્પો બંધ થઈ જાય એવા હતા પૂ. અથાણાવાળા સ્વામી અને મહારાજશ્રીનો સંકલ્પ આજે પૂર્ણ થયો છે. પૂ. અથાણાવાળા સ્વામીને નિમિત્ત બનાવી જે જે ભક્તોએ પોતાની લક્ષ્મી આવા કાર્યમાં વાપરી છે તેની જ લક્ષ્મી સાચા સુખને આપનારી છે.



**પૂ. શ્રી કાનજી ભગતજી**
**જ્ઞાનબાગ-વડતાલ**

પૂ. અથાણાવાળા સ્વામી અમારા બન્નેનો સાથે ઉછેર થયેલો. અમે બન્ને ગોઠીયા હતા. પૂ. સ્વામીને વડતાલ મંદિરની એટલી લાગણી કે મારી પાસે રડેલા એમણે આજીવન મંદિરમાં બેસી ભજન કર્યું, ઉપાસના કરી તેમને આ મંદિર એમના દેહ કરતા વધારે વ્હાલુ હતુ. એટલે એમના શિષ્યોએ આ સોનાનુ મંદિર કર્યુ છે તે ઉત્તમાઉત્તમ કાર્ય કર્યુ છે.



**પ.પૂ.સ.ગુ. પુરાણી શ્રી ધર્મવલ્લભદાસજી**
**વેડરોડ ગુરૂકુળ, સુરત**

આ વડતાલધામમાં ભગવાને એટલી બધી સમૃદ્ધિ મુકેલી છે. અર્જુનની દૃષ્ટિ જેમ પક્ષીની આંખ તરફ હતી તેમ આપણે આપણી દૃષ્ટિ વડતાલ અને હરિકૃષ્ણ મહારાજ સમક્ષ રાખીને જગતમાં જે કાંઈ પણ પ્રવૃત્તિ કરીએ તે મહારાજને કેન્દ્રમાં રાખીને કરીએ. પૂ. અથાણાવાળા સ્વામીને વડતાલ પ્રત્યે અનન્ય નિષ્ઠા હતી એટલે આજે નિષ્ઠાના ફળરૂપી સુવર્ણ શિખરો આપણને મળ્યા છે.



**પ.પૂ. શાસ્ત્રી સ્વામી શ્રી ભક્તિપ્રકાશદાસજી**
**(વેદાંતાચાર્ય વડતાલ)**

પૂ. અથાણાવાળા સ્વામી વિશે શું કહેવું "સ્વામી એવા સંત હતા કે માળા એ સ્વામી છે કે સ્વામી એ માળા છે. એ સ્પષ્ટ નહોતુ થઈ શકતુ. સ્વામીના બોલવામાં પણ ભજન અને ભક્તિનો રંગ હતો. અને પૂ. સ્વામીએ જીવનમાં જે કાંઈ પણ કર્યુ એ જ માર્ગે એમના મંડળના સંતો ચાલે છે અને બસો વર્ષ પછીનું અથાણાવાળા સ્વામીના માધ્યમથી આ શિખરો સોનાના થતા હોય તે આનંદની વાત છે.



**પ.પૂ.સ.ગુ. પુરાણી સ્વામી શ્રી જ્ઞાનજીવનદાસજી - નાસિક**

આ સુવર્ણ શિખર જેવા મહત્વનાં કાર્યમાં જે જે ભક્તોએ આમાં સેવા કરી છે એમના નામો શ્રીહરિકૃષ્ણ મહારાજના ચરણમાં લખાઈ ગયા છે. પૂ. અથાણાવાળા સ્વામી આ કાર્યના નિમિત્ત બન્યા અને આ શિખરોના દર્શનથી પણ આપણને અક્ષરધામ મળશે.



**પ.પૂ. શ્રી ભગવત્ચરણદાસજીસ્વામી જામજોધપુર**

આ જગતમાં શાશ્વત સુખ માત્ર ભગવાનના ભજનમાં અને સંતનાં ચરણમાં રહેલું છે. પૂ. વક્તાશ્રી શાસ્ત્રી હરિપ્રકાશદાસજી એમાંય ભગવાનના લીલા ચરિત્રોની ખૂબ વાતો કરી છે. ધન્ય છે પૂજ્ય અથાણાવાળા સ્વામીને જેમણે આપણને સોના જેવા સાધુ પૂ. વિષ્ણુસ્વામી અને શાસ્ત્રી હરિપ્રકાશ સ્વામીની ભેટ આપી છે જેમણે આ સોનાના શિખરોનું કાર્ય કર્યું છે.



**પ.પૂ.સ.ગુ. શ્રી દેવસ્વામી વંથલી ગુરુકુલ**

પ્રેમાનંદ સ્વામી વંદુના પદ બોલ્યા મહારાજ ખૂબ રાજી થયા એવા જ મહારાજને કૃપાપાત્ર એવા અથાણાવાળા સ્વામીએ અખંડ ભજન કરી આખાય વડતાલ દેશને શ્રી હરિકૃષ્ણ મહારાજના ચરણે નમાવી દીધો છે.



**પ.પૂ.સ.ગુ. શાસ્ત્રી શ્રી શુકદેવસ્વામી નાર ગુરૂકુળ**

મહારાજે કૃપા કરીને આ બ્રહ્માંડમાં જેના પાયા પાતાળમાં નાખ્યા છે એવું દિવ્ય આ વડતાલધામનું મંદિર બ્રહ્માનંદ સ્વામી પાસે બનાવરાવ્યું છે. જ્યારે ભજનને સાકાર થવાનું મન થયુ અને પૂ. અથાણાવાળા સ્વામીનું સર્જન થયુ હોય એમ લાગે છે. સારાય મહોત્સવમાં મહારાજશ્રી, સંતોના આશીર્વાદની દિવ્યતા પ્રસરી ગઈ છે. એનું કારણ સ્વામીએ આ ભૂમિમાં કરેલા ભજન, ભક્તિ, તપનું પરિણામ છે. આ પૂજ્ય સ્વામીના સંતમંડળની અગાધ મહેનત અને આત્મીયતાવાળો સ્વભાવ ઉત્સવની દિવ્યતામાં કામ કરી રહ્યો છે.



**પ.પૂ. શાસ્ત્રી શ્રી નારાયણચરણદાસસ્વામી વ્રજભૂમિ, આણંદ**

સંપ્રદાયનું સર્વોચ્ચ તીર્થધામ વડતાલ એટલું જ નહિ પણ સમગ્ર આધ્યાત્મિક જગતનું સર્વોચ્ચ ધામ એટલે વડતાલ. આ વડતાલમાં રહી અખંડ ભજન કર્યું એવા હતા પૂ. અથાણાવાળા સ્વામી. આ મંદિર સુવર્ણથી મંડિત થાય એવો સંકલ્પ પૂ. વિષ્ણુસ્વામી તથા હરિપ્રકાશસ્વામીએ કર્યો. આજે મહારાજશ્રીની ઉપસ્થિતિમાં તે પૂર્ણ થયો.



**પ.પૂ.સ.ગુ. શ્રી બળદેવસ્વામી ખાનદેશી વડતાલ**

જે રીતે રામચંદ્રજીએ વાનરો દ્વારા સેતુબંધ બનાવ્યો તે રીતે સ્વામિનારાયણ ભગવાને સંતો ભક્તો દ્વારા આ વડતાલ મંદિરના પાયામાં નવ લાખ ઈંટો નાખીને પોતે પણ ઈંટો ઊચકી આ મંદિરનું નિર્માણ કર્યું છે અને સંતો ભક્તોએ આ મંદિર ઉપર જાતે સોનાના પાના ચડાવી સુવર્ણથી મંડિત કર્યું. કળશો સુવર્ણના બનાવ્યા ત્યારે એમના તો કરોડો જન્મોના પાપમાંથી મુક્ત થયા છે.



**પ.પૂ. પુરાણી શ્રી પ્રેમસ્વરૂપદાસજી સ્વામી સાવરકુંડલા**

પૂ. સ્વામીએ હરિકૃષ્ણ મહારાજ અને લક્ષ્મીનારાયણ દેવ આગળ મૌન રાખી માળા ફેરવતા અને એ માળાના પુન્ય પ્રતાપે આપણે આ સોનાના શિખરોને જોયા. સ્વામીની ૧ માળા અને હરિભક્તોએ ૧ ગ્રામ સોનું આ શિખરોમાં આપ્યું છે. એમાંય પૂ. સ્વામીનો સત્સંગી પ્રત્યેનો ભાવ જે ભક્તોએ સ્વામીના હાથનાં અથાણાના મરચા ખાધા હશે તેને તો મહારાજ તેડવા આવશે.



**પ.પૂ.સ.ગુ. શ્રી હરિપ્રસાદદાસજી ધોલેરા**

ત્રણ શિખરોમાં ત્રણ વસ્તુઓના દર્શન થાય છે. એક શિખરમાંથી હરિકૃષ્ણમહારાજની કૃપા વરસી રહી છે. બીજા શિખરમાંથી પ.પૂ. મહારાજશ્રીના આશીર્વાદ વરસી રહ્યા છે અને ત્રીજા શિખરમાંથી સંપ્રદાયના મહાન સંત અખંડ ભજનાનંદી શ્રી અથાણાવાળા સ્વામીની ભક્તિ વરસી રહી છે. આવનારા વર્ષમાં આ સંતમંડળ મહારાજશ્રીનો સંકલ્પ એવા નવ શિખરો પર પૂર્ણ કરશે એવો અમને વિશ્વાસ છે.



**પ.પૂ. શ્રી ધર્મનંદનદાસજીસ્વામી ઉપલેટા**

જે રીતે ગાંધીજીની હડતાલ, નરસિંહ મહેતાની કરતાલ અને ભગવાન સ્વામિનારાયણનું વડતાલ આ ત્રણ વસ્તુ જગપ્રસિધ્ધ છે. એમાંય આ વડતાલ પૂ. અથાણાવાળા સ્વામીનું ભજનભાવ આપણને આ સુવર્ણ શિખરોમાં છલકાતા દેખાય છે. આથી કોઈ પણ પાપી, નાસ્તિક કે અસુર આ શિખરોના દર્શન કરી મોક્ષને પામશે.



**પ.પૂ.સ.ગુ. શાસ્ત્રી શ્રી રાધારમણદાસજીસ્વામી - ખાંભા**

જેને પોતાનો છેલ્લો જન્મ કરવો હોય તેને ખૂબ ભજન કરવું પડે. પૂ. અથાણાવાળા સ્વામી ભજન કરતા અને ભજન કરાવતા હતા. એટલે સ્વામી જેટલું જ ભજન પુરાણી વિષ્ણુપ્રકાશસ્વામી, હરિપ્રકાશસ્વામી અને એમનું સંતમંડળ કરે છે. એટલે આ મહાન પ્રસંગે સ્વામીના મંડળે સુવર્ણ શિખરનું જે કામ કર્યું છે તે અદ્‌ભુત છે. ઉત્સવ, કથા બધુ દિવ્ય દિવ્ય અને દિવ્ય છે.



**પ.પૂ.સ.ગુ. કોઠારી શ્રી વિવેકસાગરસ્વામી - રાજકોટ**

વડતાલ એટલે આ સંપ્રદાયનું હૃદય. આ વડતાલમાં પૂ. અથાણાવાળા સ્વામીએ અખંડ હરિકૃષ્ણ મહારાજના ભજનના આગ્રહ વાળા આ મહાન સંત આપણી વચ્ચે નથી, પરંતુ એમની પ્રેરણારૂપી કાર્યો આ ત્રણેય સુવર્ણ શિખરો આપણી વચ્ચે મોજુદ છે.



**પ.પૂ.શાસ્ત્રી શ્રી વિશ્વવલ્લભસ્વામી (રૂસ્તમબાગ)**

પૂ. અથાણાવાળા સ્વામીના ભજનના પ્રતાપે, વડતાલ પ્રત્યેની નિષ્ઠાના પ્રતાપે અને એમની શિષ્ય પરંપરાના પૂ. વિષ્ણુસ્વામી, પૂ. હરિપ્રકાશસ્વામીએ આ ભગીરથ કાર્ય હાથમાં લઈ વડતાલના શિખરો સુવર્ણના કર્યા અને સંપ્રદાયની શોભા દિગંતમાં વ્યાપી રહી છે. ભજન વિના આવો માહોલ થતો નથી.



**પ.પૂ.સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી સરજુદાસજી - વડતાલ**

શાસ્ત્રોમાં કહ્યું છે "મહાન પુરુષોનું પ્રાગટ્ય, કોઈ મહાન કાર્ય માટે થાય છે. એટલા માટે પૂ. સ્વામીનું સંતમંડળ પૂ. વિષ્ણુસ્વામી, પૂ. શાસ્ત્રી હરિપ્રકાશ સ્વામીને આ ભજનનું જે બળ મળ્યું છે, સમર્થ સદ્‌ગુરૂ મળ્યા છે એના ફળરૂપે આ સુવર્ણ શિખરો બન્યા છે.



**પ.પૂ.સ.ગુ. શ્રી સંતવલ્લભદાસજી કંડારી**

સુવર્ણ શિખરો થયા છે, ચોમેર જયજયકાર થઈ રહ્યો છે. પરંતુ આજે કહેવાનું મન થાય સુવર્ણ શિખરો કર્યા તે ગૌરવની વાત છે. પણ અહિં આપણને કથાવાર્તાનું રસપાન કરાવે છે એવા પૂ. શાસ્ત્રી હરિપ્રકાશદાસજી સ્વામી તેમણે જે યુવાનોની સત્સંગ ટીમ તૈયાર કરી છે તે એટલાં જ અભિનંદનને પાત્ર છે.

# સંતોના હૃદયોદ્ગાર....

# મહોત્સવ અંતર્ગત વિવિધ પ્રકાશનોના
# વિમોચનો
















ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ શ્રી સ્વા. મંદિર કુબેરનગરના યુવાનો દ્વારા ''શિખર બોલે'' કૃતિની એક ઝલક.

# પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું યજમાનો તથા ટ્રસ્ટી મંડળ દ્વારા પૂજન

















# કોઠારી તથા ટ્રસ્ટીમંડળ દ્વારા સંતોનું સન્માન

















# સુવર્ણ શિખરમાં સેવા કરનાર યશસ્વી યજમાનશ્રીઓનું સન્માન























# સુવર્ણ શિખર ઉદ્ઘાટન મહોત્સવ અખબારોની આંખે



# સત્સંગ સમાચાર



સ્થળ :- યજમાન - શ્રી સ્વા. ગુરૂકુલ - છારોડી (પૂ. માધવપ્રિયસ્વામી)

આગામી સેમિનાર તા. ૨૭ થી ૩૦ નવેમ્બર, ૨૦૧૪ સ્થળ :- સાળંગપુર

**શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન આયોજીત બન્ને દેશ ગાદી તૃતીય પરમહંસ ચિંતન સેમિનારમાં પધારેલ સંતોની સામૂહિક તસ્વીર દર્શન**

**તા.ક. : માત્ર સંતોના જીવનઘડતર માટેનો આ અદ્‌ભુત પ્રયત્ન મોટા સંતો દ્વારા થઈ રહેલો છે ત્યારે તમામ સંતો આવા સેમિનારમાં ભાગ લેવા પધારે તેવી વિનંતી.**










વડતાલધામમાં ચોપડાપૂજન કરતા પૂ. કોઠારીશ્રી



વડતાલધામમાં હનુમાનજીપૂજન કરતા પૂ. મહારાજશ્રી



વડતાલધામમાં શ્રીલક્ષ્મી પૂજન કરતા પૂ. મહારાજશ્રી



વડતાલધામમાં શ્રીલક્ષ્મીપૂજન આરતી ઉતારતા
પ.પૂ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી


બોસ્ટન


લેસ્ટર


ઈસ્ટ લંડન


હેરો


ઓલ્ડહામ


સ્ટેઘામ


વિસ્ડન


વુલવીચ






શ્રી સ્વામિનારાયણ મંદિર મોટી મોણપરી મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ, તા.૯-૧૧-૨૦૧૩






ઋષિકેશમાં ગંગા કિનારે શ્રી સ્વા. ગુરૂકુલ છારોડી આયોજીત સત્સંગ સાધના શિબિરનાં ભવ્ય દર્શન






સાળંગપુરમાં શ્રી કષ્ટભંજન દેવનો ૧૬૫ મો વાર્ષિક પાટોત્સવ તથા મારૂતિ યજ્ઞની અદ્ભુત દિવ્ય દર્શન

# પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના હસ્તે ૨૩ મુમુક્ષુઓને ભાગવતી દીક્ષા અર્પણ વિધિ તથા નવા પરમહંસોના દિવ્ય દર્શન











RNI No. GUJ/GUJ/2010/38053. The Postal Regn. No. "G-KDA-86/2011-13" Valid up to 31.12.2013. Posted From Vadtal Post Office. On 20th Date of every month

આવો ! આપણે સૌ સાથે મળીને વડતાલ સુવર્ણ મંદિરમાં સેવા કરીને આપણા ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજનો રાજીપો મેળવીએ.



**સંપર્ક :**

શા. હરિપ્રકાશદાસ
પુજારી સંતસ્વામી
(અથાણાવાળા-વડતાલ)
મો. 8511151702/06

**રવાના**

**Shree Swaminarayan Temple-Vadtal**
Taluka: Nadiad,Dist-Kheda,
Gujrat (India) Pin : 387375
Phone : +91-268-2589776/728
E-mail:- vsm191@yahoo.co.in
Website:- www.vadtalmandir.org